**વર્ષ ૨૦૧૭-૧૮ નવી બાબત**

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની અનુસૂચિત જનજાતિની ૧૨ આશ્રમશાળાઓને અપગ્રેડ કરી માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ ધોરણ-૧૧નો ક્રમિક વિકાસથી વર્ગ શરૂ કરવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૬/ન.બા.૧૩/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૪/૦૪/૨૦૧૭

**વંચાણે લીધા** :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૭/૧૨/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ /આશા /૨/ ફા.નં./૨૦૧૬/૨૨૨૫ થી ૨૬

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૬-૧૭ /ન.બા.૨/ઘ

(3) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: પરચ /૧૦૨૦૧૪ /ન.બા૧૪/ઘ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/ન.બા-૧૪/ઘ

## પ્રસ્તાવના :-

વંચાણે લીધા ક્રમાંક: (૨)ના ઠરાવથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની અનુસૂચિત જનજાતિની ૧૨ આશ્રમશાળાઓમાં ધોરણ-૧૦નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: (૧) થી ઉક્ત ક્રમિક વિકાસ વાળી ૧૨ આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ) વર્ગ શરૂ કરવા અંગેની રૂ.૧૩૮.૯૬ લાખની દરખાસ્ત અન્વયે પ્લાન સીલીંગની મર્યાદામાં **રૂ.૧૧૬.૬૬ લાખની નવી બાબતને** મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની અનુસૂચિત જનજાતિની ૧૨ આશ્રમશાળાઓને અપગ્રેડ કરી માધ્યમિક શાળા સામાન્ય પ્રવાહ ધોરણ-૧૧નો ક્રમિક વિકાસથી વર્ગ શરૂ કરવા માટે શિક્ષણ સહાયક (ફિક્સ પગાર રૂ.૧૫૫૦૦/-) શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નોર્મ્સ મુજબ

વર્ગદીઠ ૨ (બે) લેખે ૨૪ નવી જગ્યાઓ તથા તેના મહેકમ ખર્ચ અને નિભાવ ખર્ચ મળી <u>કુલ-રૂ.૧૧૬.૬૬ લાખની</u> નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

## <u>શરતો</u> :-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવા આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરુરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૭) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષાના નિયમો અને ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૮) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતાં હોવા જોઇએ.

(૯) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પુરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારોઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૩) જે તે જગ્યાઓના પગારધોરણો R.O.P પ્રમાણે છે કે કેમ ? તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીની રહેશે.

(૧૪) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/03/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨003/જી.ઓ.આઇ-૧૦ (પા.ફા)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૫) વર્ગદીઠ માન્ય સંખ્યા ૪૦ રહેશે.

(૧૬) જે આશ્રમશાળાનું ધોરણ-૧૦ બોર્ડનું પરિણામ ૭૫ % (પંચોતેર ટકા) કે તેથી વધુ આવશે તે જ શાળાને ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)નો વર્ગ શરૂ કરવા મંજુરી આપવાની રહેશે.આ અંગે કમિશ્નરશ્રી(આ.વિ.)ની કચેરીએ યોગ્ય ખરાઇ કરીને જ મંજૂરી આપવાની રહેશે.

**રૂ.૧૧૬.૬૬ લાખની** નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, ૧૦ વીકેવાય-૧૧ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ (બાંધકામ) હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/૦૪/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

---

➢ **પત્ર દ્વારા**